પંખીલોક
★ પ્રવીણ સરવૈયા

# સફેદ કાંકણસાર (Black Headed Ibis)

**કાંકણસારની ઊડવાની રીત સુંદર છે. તે મોટા ભાગે અંગ્રેજી 'વી' આકારે ઊડે છે. તે એકધારી પાંખો વીંઝીને પછી પાંખો હલાવ્યા વિના હવામાં સરકતી જાય છે. તે પ્રસંગોપાત તીણા અવાજે બોલે છે**







કાંકણસાર આપણે ત્યાં બે પ્રકારની જોવા મળે છે : એક કાળી કાંકણસાર અને બીજી સફેદ કાંકણસાર. કાંકણસારને અંગ્રેજીમાં 'Ibis' કહે છે. સફેદ કાંકણસાર ' Black Headed Ibis'ના નામે ઓળખાય છે.

સફેદ કાંકણસાર કાળી કાંકણસાર કરતાં સહેજ મોટા કદનું પક્ષી છે. તેનું કદ ૩૦ ઇંચ જેટલું છે. તેનું આખું શરીર સફેદ છે. પાંખના છેડા અને પગ કાળા રંગના છે. તેનાં માથું, ડોક પીંછાં વિનાનાં કાળાં છે.

કાળા રંગની તેની ચાંચ લાંબી, જાડી અને નીચેની બાજુ વળેલી છે. બગલાના કુળમાં 'ચમચા' નામનું પક્ષી છે. સફેદ કાંકણસાર તેને મળતું આવે છે. કાળી કાંકણસાર જળાશય ઉપરાંત ખુલ્લાં ખેતરો, ખેતર પાસેનાં મેદાન કે ગામના ઉકરડા પર પણ જોવા મળે છે, જ્યારે સફેદ કાંકણસાર માત્ર જળાશયોના કાંઠે જ રહે છે.

સફેદ કાંકણસારનો ખોરાક માછલાં, દેડકાં અને બીજી પાણીની જીવાત છે. તે અળસિયાં, સાપોલિયાં કે મોટી સાઇઝના દેડકા પણ આરોગી જાય છે. ખોરાક મેળવવા તે ચમચા અને બગલાંનાં ટોળાં સાથે ફરે છે, તેથી સામાન્ય જોનારને તે અલગ પક્ષી છે તેવી સમજણ પડતી નથી. લોકો તેને સામાન્ય બગલો જ સમજી લે છે.

કાંકણસારની ઊડવાની રીત સુંદર છે. તે મોટા ભાગે અંગ્રેજી 'વી' આકારે ઊડે છે. તે એકધારી પાંખો વીંઝીને પછી પાંખો હલાવ્યા વિના હવામાં સરકતી જાય છે. તે પ્રસંગોપાત તીણા અવાજે બોલે છે. જેઠથી શ્રાવણ માસ દરમિયાન તે માળો કરે છે. બગલાં અને ચમચાની સોબતમાં તેનો માળો હોય છે. માદા બેથી ચારની સંખ્યામાં લીલાશપડતા રંગનાં ઈંડાં મૂકે છે, જે કાળી કાંકણસારનાં ઈંડાં જેવાં જ હોય છે.

સફેદ કાંકણસારને આપણે ત્યાં ધોળી કાંકણસાર પણ કહે છે. સફેદ કાંકણસાર બહુ ઓછી માત્રામાં જોવા મળતું વિશિષ્ટ પંખી છે. ટોળાબંધ બગલાંમાં તે માત્ર બે-ચારની સંખ્યામાં હોય છે, છતાં તે સર્વવ્યાપક છે. આપણે ત્યાંનાં જળાશયોમાં તેની એકલદોકલ હાજરી હોય છે.

સફેદ કાંકણસાર આપણે ત્યાંનું સ્થાયી અધિવાસી, જોવા જેવું સુંદર પંખી છે. પક્ષીઓ આપણી સંસ્કૃતિ સાથે બહુ પ્રાચીન કાળથી જોડાયેલાં છે. 'રામાયણ'માં પણ જટાયુ(ગીધપક્ષી)વાળો પ્રસંગ બહુ જાણીતો છે. અજંતા-ઈલોરાની ગુફામાં પણ પક્ષીઓનાં ચિત્રો જોવા મળે છે. આપણે ત્યાંના રાજા-મહારાજાઓને પણ પક્ષીઓ બહુ પ્રિય હતાં. શહેનશાહ અકબરના ચિત્રમાં બાજપક્ષી ઘણી વાર જોવા મળે છે.

પક્ષીઓ જ્યારે આપણી સંસ્કૃતિ સાથે જોડાઈ ગયાં છે ત્યારે એમનું રક્ષણ કરવાની આપણી સૌની ફરજ બને છે. પક્ષીઓનાં કુદરતી રહેઠાણો કોઈ પણ ભોગે ન છીનવાય એની તકેદારી રાખવી જોઈએ. પ્રકૃતિની સેવા થકી સાચું પુણ્ય મળે છે. ભારતમાં અંગ્રેજી શાસન વખતે અનેક પક્ષીઓનો બેફામપણે શિકાર થતો રહેલો. અંગ્રેજોની ગોળીનાં નિશાન બનનાર પાણી કાંઠાના પક્ષીઓમાં સફેદ કાંકણસાર મુખ્ય હતી. હવે તો કાયદાથી તમામ પક્ષીઓને રક્ષણ મળેલ છે. તેથી તેના શિકાર પર પ્રતિબંધ છે એટલે હવે કાંકણસાર જેવાં પંખીઓ મુક્ત રીતે વિહાર કરી શકે છે. તો બપોરના સમયે પાણીકાંઠે જોવા મળતું મોટા કદનું, લાંબી અને વાંકી ચાંચવાળું આ પક્ષી અવશ્ય નિહાળશો.



# અમેરિકામાં કેમ હોય છે લાકડાના મકાનો?

અમેરિકા અને ભારતની સરખામણી કરવામાં આવે તો, બંને દેશો વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. અમેરિકામાં મોટાભાગના મકાનો લાકડામાંથી બનાવવામાં આવે છે, જ્યારે ભારતમાં ઈંટ, સિમેન્ટ અને કોંક્રિટનો ઉપયોગ વધુ થાય છે. અમેરિકામાં લાકડાનાં ઘરો હોવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. સૌથી પહેલા અમેરિકામાં જંગલોનું પ્રમાણ ઘણું મોટું છે, જેના કારણે ત્યાં ઉચ્ચ ગુણવત્તાનું લાકડું ખૂબ જ સસ્તા ભાવે મળી રહે છે. ભારતની સરખામણીએ ત્યાં લાકડાના મકાનો બનાવવા આર્થિક રીતે વધુ પરવડે તેવા છે. ત્યાં 'સોફ્ટવુડ'નો ઉપયોગ થાય છે જે મજબૂત હોવાની સાથે લાંબા સમય સુધી ટકી રહે છે. ત્યારે ઘણા લોકોને સવાલ થાય છે કે, શું અમેરિકાની જેમ ભારતમાં પણ લાકડાનાં ઘર બનાવી શકાય?

ભારતમાં સારી ગુણવત્તાનું લાકડું મર્યાદિત અને મોંઘું હોય છે, તેથી ઈંટ અને કોંક્રિટમાંથી બનતા ઘરો આપણા માટે બેસ્ટ વિકલ્પ છે. અમેરિકામાં લાકડાના ઘર ખૂબ જ ઝડપથી તૈયાર થઈ જાય છે અને અવારનવાર 2થી 4 અઠવાડિયામાં બનીને તૈયાર થઈ શકે છે. આનાથી મજૂરી ખર્ચ ઓછો



થાય છે અને હાઉસિંગ ડેવલપમેન્ટ ઝડપી ગતિએ થાય છે. તો બીજી તરફ, ભારતમાં કોંક્રિટ સ્ટ્રક્ચર બનાવવામાં મહિનાઓ લાગી જાય છે, કારણ કે સિમેન્ટને સૂકાતા અને મજબૂત થવામાં સમય લાગે છે અને નિર્માણ પ્રક્રિયા પણ વધુ જટિલ હોય છે. લાકડું સ્વાભાવિક રીતે વળી શકે તેવું અને વજનમાં હલકું હોય છે, તેથી તેનાથી બનેલી ઈમારતો થોડી નમીને ભૂકંપના આંચકાઓને વધુ સારી રીતે સહન કરી શકે છે. આ જ કારણ છે કે, ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં લાકડાના ઘર સુરક્ષિત માનવામાં આવે છે. તો બીજી બાજુ, કોંક્રિટના માળખા મજબૂત તો હોય છે, પણ ખૂબ જ કઠોર પણ હોય છે. તીવ્ર ભૂકંપ આવવા પર તેમાં તિરાડો પડવાનું અથવા ધરાશાયી થવાનું જોખમ વધી જાય છે. લાકડું કુદરતી 'ઈન્સ્યુલેટર' તરીકે કામ કરે છે, જેનાથી ઘરની અંદરનું તાપમાન સંતુલિત રહે છે. આવા ઘરો શિયાળામાં વધુ ગરમ અને ઉનાળામાં ઠંડા રહે છે. જોકે, ભારત જેવા ગરમ અને ભેજવાળી આબોહવા ધરાવતા દેશોમાં ઉધઈનો ખતરો વધુ હોય છે, જે સમય જતાં લાકડાના માળખાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી ઈંટ અને કોંક્રિટથી બનેલા ઘર ભેજ, જીવાત અને હવામાનની અસરો સામે વધુ ટકી શકે તેવા હોય છે. જોકે, ભારતમાં ઘરોને મિલકત માનવામાં આવે છે, તેથી લોકો એવા બાંધકામને પ્રાથમિકતા આપે છે જે મજબૂત હોય, ઓછી જાળવણી માંગે અને આગ સામે પણ વધુ સારી સુરક્ષા પૂરી પાડે છે.